કેસ પ્રાપ્તિ તારીખ : ૦૩–૦૪–૨૦૨૪
કેસ દાખલ તારીખ : ૦૩–૦૪–૨૦૨૪
કેસ નિર્ણિત તારીખ : ૨૨–૦૭–૨૦૨૬
અવધી : ૦૨–વર્ષ,૦૩–માસ, ૧૯–દિવસ

=========================================

**સિધ્ધપુરના મે. એડીશનલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ સમક્ષ, મુ.સિધ્ધપુર, જી.પાટણ.**

=========================================

**<u>ફો. કે. નં. ૬૬૯/૨૦૨૪</u>**

**આંક :–**

સેનમા જીતેન્દ્રકુમાર અમૃતભાઇ,
ઉ.વ.આ.૩૮, ધંધો : વેપાર,
રહે. કુલપુરા, ઠે. શિવનગર સોસાયટી,
તા.સિધ્ધપુર, જી.પાટણ,

**.....ફરિયાદી**

**<u>–:: વિરૂધ્ધ ::–</u>**

મેવાડા પંકજકુમાર નરેન્દ્રભાઇ,
ઉ.વ.આ.પુખ્ત, ધંધો : ખેતી/મજુરી,
રહે. રસુલપુર, ઠે. ૧/૨૨૫, પંચાલવાસ,
તા.સિધ્ધપુર, જી.પાટણ. **.....આરોપી**

**ગુન્હો :–** ધી નેગોશીયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ફરિયાદ.

-----------------------------------------

ફરિયાદી તરફે :– વિ.વ.શ્રી પી.એસ.ઠાકોર
આરોપી તરફે :– વિ.વ.શ્રી એસ.એસ.પ્રજાપતિ

-----------------------------------------

## -:: ચુકાદો ::-

(૧) આ કામના ફરિયાદ પક્ષના કેસની હકીકત એવી છે કે, ફરિયાદી કુલપુરા, શિવનગર સોસાયટી સિદ્ધપુર ખાતે રહે છે અને મહાકાલી ઈલેક્ટ્રિક નામથી ઈલેકટ્રોનિક સાધનો રિપેર કરવાનું તથા વેચાણ કરવાનો વેપાર કરે છે. જયારે આરોપી સિધ્ધપુર મુકામે ફરિયાદીની દુકાને અવાર નવાર આવતા હોઇ રોજ બરોજ મુલાકાત થતી હોઇ ફરિયાદી અને આરોપી વચ્ચે ગાઢ મિત્રતાના સંબંધો બંધાયેલા હોય જેથી આરોપીને ઓળખે છે અને વિશ્વસનીય સબંધો ધરાવે છે. આરોપીને પૈસાની જરૂરિયાત ઉભી થતા ફરિયાદી પાસેથી મિત્રતાના નાતે રૂા.૨,૦૦,૦૦૦/- પુરાની માંગણી કરેલી જેથી ફરિયાદીએ આરોપી સાથેની મિત્રતાના નાતે તેઓની બચતની પડેલ રકમ માંથી રૂા.૧,૬૦,૦૦૦/- પુરા હાથ ઉછીના આરોપીને રોકડા ગણી આપેલા અને સદર રકમ લેતી વખતે આરોપીએ ફરિયાદીને એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર રકમ આરોપી ફરીયાદીને ચાર માસમાં પરત ચૂકવી દેશે જેથી ફરિયાદીએ આરોપીની વાત ઉપર વિશ્વાસ રાખી ફરિયાદીએ આરોપીને રૂા.૨,૦૦,૦૦૦/- હાથ ઉછીના આપેલા. ફરિયાદીએ આરોપી પાસે નાણાંની ઉઘરાણી કરતાં આરોપીએ નાણાંની ભીડ હોવાનું જણાવી વધુ બે માસનો સમય માંગેલ જેથી ફરિયાદીએ ત્યારબાદ ચાર માસ પછી આરોપી પાસે ઉઘરાણી કરતાં આરોપીએ ફરિયાદીને લ્હેણી રકમની ચૂકવણી પેટે રોકડ રકમના બદલામાં એક ચેક તા.૨૨/૦૨/૨૦૨૪ના રોજનો બેંક ઓફ ઈન્ડિયા સિધ્ધપુર શાખાનો ચેક નં.૦૪૯૩૯૦ વાળો રૂા.૧,૬૦,૦૦૦/- પુરાનો ચેક આરોપીએ સહી કરી ચેકની વિગતો ભરી લખી આપેલ અને જણાવેલ કે સદર ચેક બેંકમાં વટાવવા સારું ભરસો તો તમારી લ્હેણી રકમ મળી જશે એવો વિશ્વાસ અને ભરોસો આરોપીએ આપતા ફરિયાદીએ સદર ચેક સ્વીકારેલ.ઉપરોક્ત વિગતો વાળો ચેક આરોપી તરફથી મળ્યા બાદ ફરિયાદીએ તા. ૨૨/૦૨/૨૦૨૪ ના રોજ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસ.જે.રોડ. સિદ્ધપુર શાખામા તેઓના ખાતામા વસુલાત અર્થે જમા કરાવેલ પરંતુ સદર ચેક તા.૨૩/૦૨/૨૦૨૪ ના રોજ "એકાઉન્ટ કલોઝડ" ના શેરા સાથે કલીયર થયા વગર પરત આવેલ છે અને ફરિયાદીને તેઓની કાયદેસરની લેણી રકમ મળેલ નથી. તેથી ફરિયાદીએ વકીલ શ્રી મારફત તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ તૈયાર કરેલ નોટીસ તા.૦૨/૦૩/૨૦૨૪ના રોજ રજી. પો. એડી.થી આરોપી ને નોટીસ આપેલી જે નોટીસ ની બજવણી આરોપીને તા.૦૪/૦૩/૨૦૨૪ ના રોજ થઈ ગયેલ છે અને આરોપીને નોટીસ

મળવા છતા અને પોતાનો ચેક રીર્ટન થયાનુ જાણમા હોવા છતા આજ દિન સુધી આરોપીએ ફરિયાદીની લેણી રકમ ચુકવી આપેલ નથી કે ચુકવી આપવાની કોઈ દરકાર કરેલ નથી કે નોટીસ નો કોઈ જવાબ આપેલ નથી, આરોપી તરફથી આપવામાં આવેલો ચેક તેમના વાયદા મુજબ બેંકમાં ભરતાં "એકાઉન્ટ કલોઝડ" નાં શેરા સાથે પરત આવેલ છે. જેથી આરોપીએ ફરિયાદીને આપેલ વચન અને વિશ્વાસનો ભંગ કરેલ. જેથી આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ આરોપી વિરૂધ્ધ કાયદેસર કરવા ફરિયાદ કરેલ અરજ છે અને આરોપી વિરૂધ્ધ પકડ વોરંટ કાઢી મંગાવી કેસ ચલાવી ગુનો સાબિત થયે શખત શિક્ષા કરવા તેમજ મોટી રકમનો દંડ કરવા તેમજ ચેકની રકમ ફરિયાદીને વળતર પેટે અપાવવા દાદ માંગેલ છે.

(૨) આ કામે ફરિયાદીની ફરિયાદ તેમજ રજૂ દસ્તાવેજી પુરાવો ધ્યાને લઈ અત્રેની અદાલતે ફરિયાદ પક્ષની આ ફરિયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધી, ક્રિ. પ્રો. કોડની કલમ–૨૦૪ અન્વયે આરોપી વિરૂધ્ધ સમન્સ જારી કરવાનો આદેશ કરતા, આરોપી અત્રેની અદાલતમાં હાજર થતાં, તેને કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલી. ત્યારબાદ ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૧ અન્વયે આરોપીની આંક–૦૮ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલી. આરોપીને ગુન્હો કબૂલ નહી હોવાથી આ કેસની કોર્ટ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

(૩) આ કામમાં ફરિયાદ પક્ષ તરફથી નીચે પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે.

**(અ) મૌખિક પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરિયાદી સેનમા જીતેન્દ્ર કુમાર અમૃતભાઈનું સરતપાસનું સોગંદનામું | ૦૫ |

**(બ) દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | બેંક ઓફ ઈન્ડિયા સિધ્ધપુર શાખાનો ચેક નં.૦૪૯૩૯૦ વાળો અસલ ચેક | ૨૧ |
| ૨. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસ.જે.રોડ સિધ્ધપુર શાખાનો કાઉન્ટર ફોલીઓ અસલ | ૨૨ |
| ૩. | સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસ.જે.રોડ સિધ્ધપુર શાખાનો રીટર્ન મેમો | ૨૩ |
| ૪. | ફરીયાદીના વકીલે આરોપીને આપવા સારું તૈયાર કરેલ લીગલ નોટીસ | ૨૪ |
| ૫. | લીગલ નોટીસ રજી.પોસ્ટ કર્યા તારીખની પાવતી. | ૨૫ |
| ૬. | આરોપીને લીગલ નોટીસ બજી ગયેલ તે અંગેનું પોસ્ટ ઓફીસનું ઓનલાઇન ટ્રેકીંગ સ્ટેટમેન્ટ | ૨૬ |

આ કામે આરોપીપક્ષ તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલ નથી .

(૪) આ કામે ફરિયાદ પક્ષ તરફથી ઉપર પ્રમાણેનો મૌખિક અને દસ્તાવેજી પુરાવો રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફે આંક–૨૯ થી કલોઝીંગ પુરસીસ રજૂ કરવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન તૈયાર કરવામાં આવેલ અને વિશેષ નિવેદન તૈયાર થતાં આરોપી પોતાના વિશેષ નિવેદનના હકક બાબતે હાજર રહેલ ન હોય આરોપીનો વિશેષ નિવેદનનો હકક બંધ કરવામાં આવેલ છે અને આ કામે તૈયાર થયેલ વિશેષ નિવેદન ફાઇલ સાથે રાખવામાં આવેલ છે.

(૫) આ કામે ફરિયાદપક્ષ તરફે વિ.વ.શ્રી ની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે.

(૬) આ કામે આરોપી તરફે આરોપી જાતે કે તેમના વકીલશ્રી દલીલ માટે હાજર રહેલ ન હોય આરોપીનો દલીલનો હકક બંધ કરવામાં આવેલ છે.

(૭) બંને પક્ષે રજૂ થયેલ દલીલ, પ્લીડીંગ્સ, પુરાવા તથા તમામ રેકર્ડ ધ્યાને

લેતાં આ કેસના નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**-:: મુદ્દાઓ ::-**

(૧) શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ બેંક ઓફ ઈન્ડિયા સિધ્ધપુર શાખાનો ચેક નં.૦૪૯૩૯૦ વાળો રૂા.૧,૬૦,૦૦૦/- નો ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ અને જે ચેક વટાવવા માટે રજૂ કરતાં જે ''એકાઉન્ટ કલોઝડ'' ના કારણે વણ ચુકવ્યો પરત ફરેલ અને ત્યાર બાદ આરોપીને કાયદા મુજબની વૈધાનિક નોટીસ મળવા છતાં આરોપીએ નાણાં ન ચુકવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હો આચરેલ છે?

(૨) શું હુકમ?

**(૯)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "હકારમાં''

(૨) આખરી હુકમ મુજબ.

**(૧૦)** ઉપરોકત મારા નિર્ણયોના કારણો નીચે મુજબ છે.

**-:: કારણો ::-**

**મુદ્દા નં. ૧ તથા ૨ ::-**

**(૧૦.૧)** સદર કામે ફરિયાદી તરફે રજૂ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું મુલ્યાંકન ધ્યાને લેતાં પહેલા, કાયદાકીય જોગવાઈ ધ્યાને લેતાં

**કાયદાની જોગવાઈ**

આરોપી સામેનો આક્ષેપિત ગુન્હો સાબિત કરવા માટે ફરિયાદીએ ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એકટ–૧૮૮૧ ની કલમ–૧૩૮ ની જોગવાઈમાં જણાવેલ આવશ્યક તત્વો સાબિત કરવાના રહે છે. કલમ–૧૩૮ ની જોગવાઈ ધ્યાને લેવી મહત્વપૂર્ણ બની રહેશે જે નીચે મુજબ છે.

**<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના આવશ્યક તત્વો જોતાં–</u>**

(૧) આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરિયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ,

(૨) આરોપીએ ફરિયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશત: દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો,

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ત્રણ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પિરીયડ બંનેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજૂ કરવામાં આવેલ છે,

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત ફરેલ છે,

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરિયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી,

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમયમર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૧૮ અન્વયે તથા બીજું અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

**<u>હવે સૌ પ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો :–</u>**

**<u>કલમ–૧૧૮ : વટાઉખત વિશે માની લેવાની બાબત....</u>**

એથી વિરૂધ્ધનું સાબિત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણે માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું અને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યું હોય તેના ઉપર શેરો કરી

આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યું હોય અથવા તબદીલ કરવામાં આવ્યું હોય તે અવેજને માટે સ્વીકાર્યુ હતું તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

(ખ) **<u>તારીખ વિશે :–</u>**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યું અથવા લખી આપ્યું હતું.

(ગ) **<u>સ્વીકારવાના સમય વિશે :–</u>**

સ્વીકારયેલું દરેક વિનિમયપત્ર તેની તારીખ પછી અને તે પાકયાની તારીખ પહેલા વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યું હતું.

(ઘ) **<u>તબદીલના સમય વિશે :–</u>**

કોઈ વટાઉખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલા થઈ હતી.

(ચ) **<u>શેરાઓના ક્રમ વિશે :–</u>**

કોઈ વટાઉખત ઉપર કરેલા હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતા.

(છ) **<u>સ્ટેમ્પ વિશે :–</u>**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનિમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

(જ) **<u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશે :–</u>**

કોઈ વટાઉખતનો ધારક યથાક્રમ ધારક છે, પરંતુ જયારે તે ખત તેના કાયદેસરના માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યકિત પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યું હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું

હોય ત્યારે તે ખતનો ધારક પોતે યથાક્રમે ધારક છે એમ સાબિત કરવાનો બોજો તેના ઉપર છે.

**(૧૧)** ઉપરોકત કાયદાની કલમ–૧૩૮ ની જોગવાઈને ધ્યાને રાખી શું પક્ષકારો વચ્ચે રહેલી તકરાર કાયદાની કલમ–૧૩૮ ની વિષયવસ્તુ છે કે કેમ? તે મુદ્દો નિર્ણય કરવા માટે કલમ–૧૩૮ લાગુ પાડતા પૂર્વે નિર્ધારીત કરવામાં આવેલો પૂર્વશરતો અનુસંધાને કેસની હકીકતોની વિચારણા કરવામાં આવે તો તે મુજબ

**પૂર્વ શરત (અ)** મુજબ જે તારીખે ચેક લખ્યો તે તારીખથી નિયત મુદતની અંદર ચેક બેંકમાં રજૂ કરવો આવશ્યક છે. તે મુદ્દા અનુસંધાને રેકર્ડ ઉપર રજૂ થયેલા પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૨૧, તા.૨૨/૦૨/૨૦૨૪ ના રોજનો વાદગ્રસ્ત ચેક આરોપીએ આપેલો આ ચેક તા. ૨૨/૦૨/૨૦૨૪ ના રોજ બેંકમાં જમા કરાવેલ તે અંગેની હકીકત ફરિયાદીએ જણાવેલ છે. તેમજ આંક–૨૧ વાળો ચેક વંચાણે લેતાં સદર વાદગ્રસ્ત ચેક તા. ૨૨/૦૨/૨૦૨૪ ના રોજનો છે. આંક–૨૩ થી બેંકનો રીટર્ન મેમો જે વંચાણે લેતાં તા. ૨૩/૦૨/૨૦૨૪ ના રોજનો હોવાનું જણાય છે. આમ, સદર તકરારી આંક–૨૧ વાળો ચેક કાયદા મુજબની સમય મર્યાદામાં જમા કરાવવામાં આવેલ છે.

**પૂર્વ શરત (બ)** અનુસંધાને પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદીએ વાદગ્રસ્ત ચેકની જે તા. ૨૩/૦૨/૨૦૨૪ ના રોજ વટાવવા ગયેલા ત્યારે "એકાઉન્ટ કલોઝડ" ના શેરાથી પરત ફરેલો જે ફરિયાદી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા એસ.જે.રોડ. સિદ્ધપુર શાખામાં ખાતું ધરાવે છે તે બેંકમાં ભરણા અર્થે રજુ કરતા તે બેંકનો રીટર્ન મેમો આંક–૨૩ થી રજૂ છે. જે ધ્યાને લેતાં સદરહુ ચેક "એકાઉન્ટ કલોઝડ" હોવાના કારણે આંક–૨૧ વાળો ચેક પરત ફરેલ છે. ફરિયાદીએ આરોપીને તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ વકીલશ્રી મારફત નોટીસ આપેલી જે આંક–૨૪ થી રજૂ કરેલ છે. જે ધ્યાને લેતાં તા.૨૯/૦૨/૨૦૨૪ ની હોવાનું જણાય છે. સદર નોટીસ આરોપીને ઘરના સરનામે રજી.પો.એડી.થી મોકલવામાં આવેલ અને તેનો ઓનલાઇન ટ્રેકીંગ રીપોર્ટ આંક–૨૬થી રજૂ કરેલ છે, જે નોટીસ આરોપીને બજી ગયેલ હોવાનો ફરિયાદીએ પુરાવો આપેલ છે. આમ, આ કામના

ફરિયાદીએ આરોપીને લેખિતમાં બેંક પાસેથી માહિતી મળ્યાના ૩૦ દિવસની અંદર લેખિતમાં નોટીસ આપીને સદર નાણાની જ ચુકવણી કરવા માટે માંગણી કરેલ છે તેથી **પૂર્વશરત (બ)** પણ પરિપૂર્ણ થયેલ છે.

**પૂર્વ શરત (ક)** અનુસંધાને વિચારણા કરવામાં આવે તો આ કામના આરોપીએ ફરિયાદી ની આંક–૩૫ ની નોટીસમાં જણાવ્યા મુજબનું વર્તન કે વ્યવહાર નહીં કરતા આરોપી વિરૂધ્ધ હાલની ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. આમ, કાયદાની કલમ–૧૩૮ ની જોગવાઈ આકર્ષવા માટે કાયદાએ નિર્ધારીત કરેલ તમામ શરતો અત્રે પરિપૂર્ણ થવા પામેલ છે.

ફરિયાદ પક્ષ તરફે કાયદાની કલમ–૧૩૮ માં સમાવિષ્ટ થયેલ મૂળભુત તત્વો પુરવાર કરવામાં સફળ થયેલ છે. હવે કાયદાની કલમ–૧૩૯ અન્વયે કરવામાં આવેલી જોગવાઈ ધ્યાને લેવી અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે, જે નીચે મુજબ છે.

**કલમ–૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાન :–**

વિરૂધ્ધની હકીકત સાબિત થાય તે સિવાય એવું માની લેવામાં આવશે કે ચેકના ધારકને સમગ્ર અથવા અંશત: દેવા અથવા બીજી જવાબદારી અદા કરવા માટે કલમ–૧૩૮ માં ઉલ્લેખેલ પ્રકારનો ચેક મળ્યો છે.

વિશેષમાં કાયદાની કલમ–૧૩૯ અનુસંધાને **નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા રંગપ્પા વિરૂધ્ધ શ્રી મોહનના કિસ્સામાં આપવામાં આવેલ ચુકાદો જે ૨૦૧૦ (૧) ડીસીઆર ૭૦૬ સુપ્રિમ કોર્ટથી** પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેવો અત્યંત મહત્વપૂર્ણ બની રહેશે. સદર ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી દ્વારા ચેકમાંથી સહી તેની પોતાની છે તે હકીકતનો સ્વીકાર કર્યા બાદ વટાઉખત અધિનિયમની કલમ–૧૩૯ અન્વયે આદેશાત્મક અનુમાન દોરવું રહયું કે ચેક કાયદેસરના લેણાં કે જવાબદારી પેટે આપવામાં આવેલ. અલબત, સદર અનુમાન ખંડનાત્મક અનુમાન છે અને તેનો ખંડન

કરવાનો બોજો આરોપીના શીરે છે અને આરોપીએ માનવાલાયક બચાવ રજૂ કરવાનો છે. હકીકત એવી છે કે, માત્ર માની શકાય તેવા ખુલાસાથી અપેક્ષા આરોપી પાસે રાખવામાં આવતી નથી, પરંતુ માની શકાય તેવા ખુલાસાથી વધુ સચોટ એવો ખંડનાત્મક પુરાવો કે જે પ્રોબેબલ "સંભવિત" અને કોર્ટ દ્વારા સ્વીકારી શકાય તેવો હોવો જોઈએ. વિશેષમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ફરિયાદીએ આરોપી વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો છે, પરંતુ જયાં સુધી આરોપીને લાગે વળગે છે ત્યાં સુધી આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડસ ઓફ પ્રોબેબીલીટીના આધારે પુરવાર કરવાનો છે અને આરોપીએ પોતાનો બચાવ સાબિત કરવા માટે વિટનેશ બોકસમાં આવવાની આવશ્યકતા નથી, પરંતુ ફરિયાદ પક્ષે રજૂ કરેલ પુરાવાનું ખંડન કરીને પોતાનો બચાવ પુરવાર કરી શકે છે અને આરોપી જો ફરિયાદ પક્ષના કેસમાં શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો તેવા સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકકદાર બને છે. તેમજ **નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા દિલાવરસિંહ મોકુભા ઝાલા વિ. ગુજરાત રાજયના કિસ્સામાં આપવામાં આવેલ ચુકાદો કે જે ૨૦૧૨(૨) ડીસીઆર ૩૭૨ થી** પ્રસિધ્ધ થયેલ છે તેમાં પ્રસ્થાપિત કરવામાં આવેલ માર્ગદર્શક સિધ્ધાંતો ધ્યાને લેવામાં આવે તો નામદાર ગુજરાત હાઈકોર્ટે સદર ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ છે કે, આરોપી કાયદાની કલમ–૧૩૯ અન્વયે રહેલ આદેશાત્મક અનુમાનનું ખંડન કરવામાં સફળ થાય તે તબકકેની પુરાવાનો બોજો ફરિયાદીના શીરે તબદીલ થાય છે અને ફરિયાદીએ એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવી પડે.

**(૧૧.૧)** ફરિયાદ પક્ષ તરફે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતાં ફરિયાદીએ આંક–૦૧ વાળી ફરિયાદમાં જણાવેલ તમામ હકીકતોને વળગી રહી અને ફરિયાદને સમર્થનકારી પુરાવો આપતું સરતપાસનું સોગંદનામું આંક–૦૫ થી રજૂ કરેલ છે અને આંક–૨૧ થી ૨૬ સુધીના દસ્તાવેજો રજૂ કરેલ છે. આ તમામ હકીકતોને આ કામે આગળ ઉપર વિગતવાર જણાવવામાં આવેલ હોવાથી તેનું પુનરાવર્તન થતું અટકાવવા માટે ફરીથી વર્ણન કરવામાં અવેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદીનું સરતપાસનું સોગંદનામું આંક–૦૫ થી રજુ છે, જેમાં ફરીયાદીએ તેઓની આંક–૧ વાળી ફરીયાદને સમર્થનકારી પુરાવો આપેલ છે અને આરોપી તરફે ફરિયાદીની કરેલ ઉલટતપાસમાં તકરારી આંક–૨૧ વાળા ચેક બાબતે પ્રશ્ન કરેલા છે કે, " એ વાત ખરી નથી કે આરોપીએ મને તા.૨૨/૨/૨૦૨૪ના રોજનો ચેક આપેલાની હકીકત હુ ખોટી જણાવુ છુ." તેમજ " મને આંક–૨૧ વાળો ચેક બતાવવામાં આવે છે જે જોઈને કહુ છુ કે એ વાતની મને ખબર નથી કે તેમા તારીખ, રકમ શબ્દમાં તથા આંકડામાં તથા જીતેન્દ્રકુમાર અમરતલાલ સેનમા લખેલ છે તે અક્ષર અને સહીના અક્ષર જુદા જુદા છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, આ ચેક મને આરોપીએ આપેલો." તેમજ " એ વાત ખરી નથી કે, આંક–૨૧ વાળા ચેકમાં સહી સિવાયનુ લખાણ આરોપીના હસ્તાક્ષરમાં નથી." તેમજ "એ વાત ખરી નથી કે ૫–૬ વર્ષ ઉપર આરોપી મારી પાસેથી પૈસા લઈ ગયેલા તે વખતે હાલનો ફરિયાદવાળો ચેક એડવાન્સ પેટે આપેલો, એ વાત ખરી નથી કે, આરોપીએ જે તે વખતે મને પૈસા પરત આપી દીધેલા પરંતુ મારી પાસે આરોપીની સહી વાળો કોરો ચેક રહી ગયેલો, એ વાત ખરી નથી કે મારી પાસે રહી ગયેલા ચેકનો દુરુપયોગ કરી ખોટી ફરિયાદ દાખલ કરેલ છે." આમ, બચાવપક્ષ તરફે ફરિયાદીની કરેલ ઉલટતપાસમાં આંક–૨૧ વાળા ચેકમાં તેઓની સહી નથી તેવી કોઇ તકરાર લીધેલી નથી. જેથી આંક–૨૧ વાળા તકરારી ચેકમાં આરોપીની સહી હોવાનું ફલિત થાય છે.

(૧૩) આમ, આંક– ૨૧ વાળો તકરારી ચેક આરોપીએ સહી કરીને આપેલાની હકિકત પુરવાર થયેલ હોય, નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ– ૧૩૯ મુજબ વિરુધ્ધનું સાબિત ન થાય ત્યા સુધી ફરિયાદીની તરફેણમાં આ કામના આરોપીએ કાયદેસરના લેણા પેટે ચેક આપેલ હોવાનું ખંડનાત્મક અનુમાન ફરિયાદીની તરફેણમાં થાય છે. જયારે નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ મુજબ ખંડનાત્મક અનુમાન થયેલ છે ત્યારે આરોપી અનુમાનનુ ખંડન કરી શકેલ છે કે કેમ તે અંગે રેકર્ડ પર આવેલ પુરાવાનું મુલ્યાંકન કરીએ તો ફરિયાદીની તરફેણમાં થયેલ અનુમાનનું ખંડન આરોપી જાતે વિટનેસ બોક્સમાં આવીને પુરાવો આપી શકે છે અને જો આરોપી વિટનેસ બોક્સમાં ના આવે તો પણ ફરિયાદી ને ઉલટ તપાસ દરમિયાન પ્રશ્નો કરીને પણ ફરિયાદીની તરફેણમાં થયેલ

અનુમાનનું ખંડન કરી શકે છે. તે અંગે રેકર્ડ ઉપર આવેલ પુરાવાનું મૂલ્યાંકન કરીએ તો, આરોપીએ ફરીયાદીને કાયદેસરનાં લેણાં પેટે આંક–૨૧ વાળો તકરારી ચેક આપેલ નથી તેવો સંભવિત બચાવ ફરિયાદીની ઉલટતપાસ દરમ્યાન લેવા ઉલટતપાસ કરેલ છે, જેમાં પુરાવો આપેલ છે કે, " એ વાત ખરી નથી કે આરોપીએ જે તે વખતે મને પૈસા પરત આપી દીધેલા પરંતુ મારી પાસે આરોપીની સહી વાળો કોરો ચેક રહી ગયેલો." તેમજ " એ વાત ખરી નથી કે, ૫–૬ વર્ષ ઉપર આરોપી મારી પાસેથી પૈસા લઇ ગયેલા તે વખતે હાલનો ફરીયાદવાળો ચેક એડવાન્સ પેટે આપેલો." આમ, ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આરોપીએ ફરીયાદી પાસેથી નાણાં લીધેલા અને તે રકમ પેટે ચેક આપેલો તેવી હકીકત ઉલટતપાસ દરમ્યાન સ્વીકારતા હોય તેવું સ્પષ્ટ થાય છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસમાં એવો પુરાવો આવેલો છે કે, " મેં મારી ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં ૬ પૂર્વે લખેલ છે એટલે કે હું વર્ષ લખાવવા માંગતો હતો. એ વાત ખરી છે કે, ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં એવું લખાવેલ છે કે, આરોપી એ એવું જણાવેલ કે, અમો તમોને આ રકમ ચાર માસમાં પરત ચુકવી દઇશું. ચાર માસ બાદ આરોપીએ મને ચેક આપેલો, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયાનો. એ વાત ખરી છે કે, આરોપીએ ચાર માસ બાદ ફરીથી બે માસનો સમય માંગેલો. એ વાત ખરી છે કે, ત્યારબાદ ચાર માસ પછી મેં ઉઘરાણી કરેલી તેવી હકીકકત મેં મારી ફરીયાદ તથા સરતપાસના સોગંદનામામાં જણાવેલ છે." આમ, આરોપીએ ફરીયાદીને સહી કરી કોરો ચેક આપેલો તેવી હકીકત અપ્રત્યક્ષ રીતે સ્વીકારેલ છે. ત્યારે આરોપીએ ફરીયાદીને ચેકમાં બાકીની વિગતો ભરવા માટેની સંમતિ આપેલ હોય તેવું માની શકાય. તેમજ આરોપી તરફે ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબ ચેક આપેલ નથી તો કયા કારણસર આંક–૨૧ વાળો ચેક ફરીયાદીને આપેલો તેવો કોઇ પુરાવો આપેલો નથી તેમજ જો આરોપીએ આ ચેક ફરીયાદીને કયારે અને શા માટે આપેલ તે દર્શાવવા માટે આરોપીએ પોતાનાં ચેક બુક માં આગળ પ્રથમ પેજ કે જેમાં ચેક આપ્યાની વિગત દર્શાવવાની હોય છે તેવું કોઇ પેજ રજુ કરેલ નથી. જેથી આ સંજોગોમાં આરોપી ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન આંક–૨૧ વાળો તકરારી ચેક કાયદેસરનાં લેણાં પેટે આપેલ નથી તેવો સંભવિત બચાવ લેવામાં સફળ થતા નથી.

**(૧૪)** આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં થાય છે અને આ અનુમાનનું ખંડન કરતો પુરાવો આરોપીએ રજુ કરેલ નથી કે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન પણ અનુમાનનું ખંડન કરી શકેલ નથી. જેથી આરોપીએ આંક–૨૧ વાળો તકરારી ચેક સમગ્ર અથવા અંશતઃ અથવા બીજી જવાબદારી અદા કરવા માટે આરોપીએ આપેલ હોવાનું ફલિત થાય છે.

**(૧૫)** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા પ્રમાણે આરોપી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ મુજબ જે ધારકની તરફેણમાં અનુમાન કરવાનું છે તે અનુમાન ખંડન કરેલ નથી. આમ, ફરીયાદપક્ષ તેઓની આંક–૧ વાળી ફરીયાદની હકીકત ફરીયાદપક્ષ પુરવાર કરી શકેલ છે.

**(૧૬ )** આમ, ઉપરોક્ત ચર્ચા કર્યા મુજબ કાયદાની જોગવાઈઓ ધ્યાને લેતાં ફરીયાદની વિગતે આરોપીએ ચેક આપેલ હોવાનું પુરવાર કરી ફરીયાદપક્ષ પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરી શકેલ હોઈ, **મુદ્દા નં.૧** નો નિર્ણય **હકારમાં** ઠરાવું છું. હાલના કેસના આરોપી મેવાડા પંકજકુમાર નરેન્દ્રભાઈ, રહે. રસુલપુર, ઠે. ૧/૨૨૫, પંચાલવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આ કામના આરોપી આજરોજ હાજર રહેલ નથી ત્યારે આરોપીને સજા બાબતે સાંભળવા બાકી રાખવા જરૂરી જણાતું ન હોય ન્યાયના હીતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**<u>–:: આખરી હુકમ ::–</u>**

(૧) આ કામના આરોપી મેવાડા પંકજકુમાર નરેન્દ્રભાઈ, રહે. રસુલપુર, ઠે. ૧/૨૨૫, પંચાલવાસ, તા.સિધ્ધપુર, જી.પાટણ નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુન્હા માટે તકસીરવાન ઠરાવી ૧(એક) વર્ષની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

(૨) આ કામના આરોપીએ તકરારી ચેકની રકમ રૂા.૧,૬૦,૦૦૦/– ક્રિ.પ્રો.કોડની

કલમ–૩૫૭(૩) મુજબ વળતર પેટે હુકમ તારીખથી દિન–૧૫(પંદર) માં ચુકવી આપવા હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દિન–૧૫(પંદર) માં વળતરની રકમ ચુકવી ના આપે તો આરોપીએ વધુ માસ–૦૧ (એક) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપીએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૨૮ મુજબ હાલના કામે કાચા કામના કેદી તરીકે જો કોઈ સમય કેદમાં વિતાવેલ હોય તો મજરે આપવો.

(૪) ક્રિ.પ્રો.કો.ની કલમ–૩૬૩ મુજબ આ હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે આપવી.

(૫) આરોપીના જામીનખત તથા જાત મુચરકો આથી રદ કરવા હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામના આરોપી સામે સજાનો હુકમ થયેલ હોય આરોપીના નામનુ સજા વોરંટ ભરવું.

હુકમ આજ તા. **૨૨મી,** માહે **જુલાઇ,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા. ૨૨/૦૭/૨૦૨૬
સિધ્ધપુર.

**(જયશ્રીબેન શિવાભાઈ સુતરીયા)**
એડીશનલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
સિધ્ધપુર, જી.પાટણ.
કોડ નં.જીજે–૦૦૮૭૭